ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ડાયાબીટીસ, ઓરલ કેન્સર અને આંખના રોગોથી પિડાતા દર્દીઓ નોંધપાત્ર મળી આવ્યા !!

# ગાંધીનગરના બુઝુર્ગ શ્રી હરિ વનરેકરે સંગીતના સુરો માટે ચિત્રલિપિ શોધી

**નિવૃત આર્કિટેકટ અને સંગીત સાધકની મહત્વની શોધથી સંગીતના સુરો ચિત્રોમાં રેલાયા : પ્રથમ આર્ટ ગેલેરી ગાંધીનગરમાં થાય તેવી પ્રબળ ખેવના**



ગાંધીનગર તા ૬

સંગીત સાંભળી શકાય છે. પરંતુ તેના સુરોને વાંચી શકાતા નથી. ગાંધીનગરના બુઝુર્ગે સંગીતના સુરોને તાદ્રશ્ય કરતી ચિત્રલીપી તૈયાર કરી છે. સે-૧ માં રહેતા શ્રી હરિ વડનેરકરે સંગીતની ચિત્રલિપિની અદભુત શોધ કરી છે. વર્ષોના રિયાઝ બાદ તેમણે સંગીતને પણ આકાર અને ચિત્ર હોય તેવુ પુરવાર કર્યુ છે. ૮૧ વર્ષીય નિવૃત આર્કિટેકટ શ્રી હરિએ એલિવેશનના અભ્યાસ દ્વારા મ્યુઝીગ્રાફીની કમાલની શોધ કરી છે. સુર સંગીતના ઉપાસક રોજ સવારે ૪૦ મિનિટમાં ૬૦ રાગનુ રિયાઝ કરે છે. તેમણે વિકસાવેલી આ સંગીતની ચિત્રલિપિની પ્રથમ આર્ટ ગેલેરી ગાંધીનગર યોજવામાં આવે તેવી તેમની પ્રબળ ખેવના છે.

ગાંધીનગરના જૈફ વયના શ્રી હરિ વડનેરકરે સંગીતની દુનિયા માટે અનોખી ચિત્રલિપિની શોધ કરી છે. તેમણે જણાંવ્યુ હતુ કે દુનિયાના સ્થાપત્યમાં સંગીતના નમુના કંડારેલા નથી. ચિત્રકલાનો ઈતિહાસ જોતા ભારતીય સંગીતનું આગવુ સ્થાન જોવા મળે છે. શાસ્ત્રીય સંગીતના ૭૫ જેટલા રાગ ચિત્ર સ્વરૂપે રજુ થઈ શકે છે.સંગીતના સુરોને વાંચી શકાતા નથી. ત્યારે શ્રી હરિએ રાગો આધારિત અને વિવિધ રંગોને આધારે ચિત્રલિપિ તૈયાર કરી છે. અગાઉ બ્રિટનની પ્રાથમિક શાળામાં તેમણે તૈયાર કરેલી ચિત્રલીપીનો અભ્યાસક્રમ પણ દાખલ કરવામાં આવ્યો હતો. સંગીત ક્ષેત્રે રિયાઝના માધ્યમથી તેમને સમજાયુ હતુ કે સ્વરલિપિ વિના કોઈપણ સંગીત શીખવુ સમજવુ અઘરૂ છે. જયારે સતત ચિંતનના આધારે તેમણે સંગીતને દ્રશ્યકળામાં ઢાળવાનો વિચાર આવ્યો અને આ વિચારને ચરિતાર્થ કરવાના પ્રયત્નો શરૂ કરી દીધા હતા.આર્કિટેકટ હોવાના નાતે એલિવેશનના અભ્યાસના અંતે તેમણે મ્યુઝીગ્રાફીની શોધ કરી હતી. પેપર પર આડી અને ઉભી લાઈનનો આધાર લઈને સિવિલ એન્જિનિયરીંગના એલીવેશન શબ્દની વ્યાખ્યા પ્રમાણે ઉભી લાઈન પર તેમણે સંગીતના સાત શુરો સા, રે ગ,મ, સરખા અંતરે મુકયા છે. જયારે આડી લાઈન પર તાલની માત્રાને મુકી છે. તેઓ આ રીતે કોઈપણ ગીતની ધુનને ચિત્રલિપિ દ્વારા રજુ કરે છે. તેમના મતે દુનિયાના કોઈપણ સંગીતને આ પધ્ધતિથી વગાડી શકાય છે. ભારતીય શાસ્ત્રીય સંગીત મુજબ તેમણે ૭૫ જેટલા રાગોને ચિત્ર સ્વરૂપે રજુ કર્યા છે. તેમની આ મહત્વની શોધને પંડિત રવિશંકર ,અલી અકબરખાન,પંડીત ભીમસેન જોષી, પંડીત નિખિલ બેનરજી, બુધ્ધદેવ દાસ ગુપ્તાએ પણ બિરદાવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં આજથી ત્રિ-દિવસીય ગુણોત્સવ

ગાંધીનગર, તા. ૬

ગુણોત્સવ-૬નો આજથી જિલ્લામાં પ્રારંભ થઈ રહ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

**પ્રથમ દિવસે ૭૨ શાળામાં ગુણોત્સવ યોજાશે : એ ટુ ઝેડ ફોર્મમાં ગ્રામ્ય વિસ્તારની સેવા-સુવિધાની હકીકતો બહાર આવશે**

જિલ્લાની ૭૨ શાળાઓમાં આજે પ્રથમ દિવસે બાહ્ય મૂલ્યાંકનકારો દ્વારા થશે. જિલ્લામાં ગુણોત્સવ-૫માં પરિણામ પ્રોત્સાહનજનક મળ્યુ ન હતુ અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ બ્રીફીંગ મીટીંગમાં પણ નબળા પરિણામને લઈ તીખી ટકોર કરી હતી ત્યારે આ વખતે તંત્ર દ્વારા પુરતી ચોકસાઈ સાથે તૈયારીઓ કરવામાં આવી છે.

જિલ્લાની ૧૪૭ જેટલી શાળાઓ જે છેલ્લા પરિણામમાં સી અને ડી ગ્રેડમાં આવી હતી તે શાળાઓને દત્તક આપવામાં આવી છે તેમજ ઉપચારાત્મક વર્ગો માટેનું ખાસ અભિયાન પણ તંત્રએ હાથ ધર્યુ છે. જેને લઈ આ વખતે પરિણામ ઘણુ સારૂ આવશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં ગુણોત્સવ દરમ્યાન મૂલ્યાંકનકારે જે એ ટુ ઝેડ ફોર્મ ભરવાનુ છે તેને લઈ વાહન-વ્યવહારની સુવિધાનું પણ સાચુ ચિત્ર બહાર આવશે એટલુ જ નહિ કુપોષિત બાળકોની સંખ્યા પણ જાણી શકાશે.

આ સર્વેના ફોર્મમાં ગામમાં કેટલી બસો કયા સમયે આવે છે નિયમિત છે કે કેમ ? તેની વિગતો પણ દર્શાવવાની છે. આ ઉપરાંત સ્વચ્છતા મિશનને લઈ પણ કેટલીક નાની નાની વિગતો માંગવામાં આવી છે.

જિલ્લામાં આ સર્વેલન્સ માટે જે બેઠક યોજવાની છે તેમાં સરકારી કર્મચારીઓની હાજરી દર્શાવવાની છે તેથી તલાટી, આશાવર્કર, તબીબ વિગેરે વિશેની સાચી હકીકતો બહાર આવશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ જિલ્લા શિક્ષણતંત્રએ પણ ગુણોત્સવને પગલે કોઈપણ શિક્ષકની આકસ્મિક કારણોને બાદ કરતાં રજાઓ રદ કરી છે. ત્રિ દિવસીય ગુણોત્સવને પગલે જિલ્લાનું શિક્ષણતંત્ર એકદમ એલર્ટમોડ પર કામગીરી કરી રહેલ છે.

## જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા પણ ગુણોત્સવ દરમ્યાન જ

જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયમાં અભ્યાસ માટેની પ્રવેશની પરીક્ષા પણ આ ત્રિ-દિવસીય ગુણોત્સવ દરમ્યાન યોજાશે. જેને લઈ શિક્ષણતંત્ર ચિંતીત બન્યું છે.

જિલ્લામાં આ પ્રવેશ પરીક્ષા માટે પાંચ કેન્દ્રો છે અને ૪૮૦૦ જેટલા બાળકો આ પરીક્ષા આપવા માટે જનાર છે.

**જિલ્લામાં પાંચ કેન્દ્રો પર ૪૮૦૦ બાળકો આ પરીક્ષા આપવાના છે**

મળતી વિગતો મુજબ તંત્રએ આવા બાળકોનું મૂલ્યાંકન તા. ૭ અને ૮ દરમ્યાન કરી લેવાનો નિર્ણય કરેલ છે. જેથી જિલ્લાના પરિણામ પર કોઈ વિપરીત અસરો પડશે નહિ.

લેખિત-ગણન અને વાંચનના બાહ્ય મૂલ્યાંકન માટે ૩૨ રાજયસ્તરના અધિકારીઓ અને એક પદાધિકારી ઉપરાંત ૩૯ જિલ્લાકક્ષાના અધિકારીઓ જનાર છે. જિલ્લાની ૨૧૦ જેટલી શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનકારો આવરી લેશે.

## અર્ક વ્યાખ્યાન માળામાં ૧૦મી એ ડૉ. આઈ. કે. વિજળીવાળાનુ વકતવ્ય

ગાંધીનગર તા ૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં આગામી તા ૧૦ જાન્યુઆરીના રોજ



સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯:૪૫ કલાકે ડો આઈ કે વિજળીવાળા જીવનનો અભિગમ વિષય અંગે વક્તવ્ય આપશે.

શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા કલા અને સાહીત્યના ક્ષેત્ર ઉપરાંત સમાજજીવનને તંદુરસ્ત બનાવવા માટે પણ પ્રયાસો કરવામાં આવે છે. આજના આધુનિક અને ઝડપી સમયમાં સ્ટ્રેસફુલ બનતી જીવનશૈલીમાં અનેક દુષણો ખદબદી રહયા છે. માનવજીવનના મુલ્યને સમજી તેને સાર્થક કરવા નગરજનોને સમાજઉપયોગી સંદેશો આપવા માટે કલ્ચરલ ફોરમ દ્વારા ભાવિ પેઢીને વધુ ઉજ્જવળ દીશા મળે તેવી ઉમદા પ્રવૃતિ હાથ ધરવામાં આવી છે. તંદુરસ્ત સમાજના નિર્માણમાં ભાગીદાર થવાના ઉમદા આશય સાથે કલ્ચરલ ફોરમ દ્વારા દરવર્ષે અર્ક વ્યાખ્યાન માળાનુ આયોજન કરવામાં આવે છે. જે અન્વયે આગામી તા ૧૦ જાન્યુઆરીના રોજ ડૉ. આઈ કે વિજળીવાળાનુ વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.




શહીદોને શ્રદ્ધાંજલિ - પઠાણકોટના આતંકવાદી હુમલામાં શહીદી વહોરનાર ભારતીય જવાનોને અંજલિ આપવા ગાંધીનગરના જયહિન્દ ગ્રુપના યુવાનોએ ઘ-૪ પાસે કાર્યક્રમ યોજ્યો હતો. દેશભરમાં સોશ્યલ મિડિયાના માધ્યમથી શહીદ જવાનોને વ્યાપક પ્રમાણમાં શ્રદ્ધાસુમન અપાય છે... ગાંધીનગરમાં શાળા-કૉલેજો અને યુવા સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમોના આયોજનો થઈ રહ્યા છે.... (તસવીર : દિપક જાની)




# જિલ્લામાં ડાયાબીટીસ, ઓરલ કેન્સર અને આંખના રોગોથી પિડાતા દર્દીઓ નોંધપાત્ર મળી આવ્યા !!

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ડાયાબીટીસ, ઓરલ કેન્સર, ડિપ્રેશન અને આંખ તેમજ ટી.બી.થી પિડાતા દર્દીઓની સંખ્યામાં વધારો થતો જોવા મળી રહ્યો છે.

**ડિપ્રેશનથી પિડાતા ૫૯ દર્દી અને શંકાસ્પદ રક્તપિત્તના ૪૧ દર્દી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં મળ્યા**

આરોગ્યતંત્ર દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સ દરમ્યાન બિમારી અંગેના હાથ ધરાયેલા સર્વેલન્સમાં આ ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે. ગાંધીનગર શહેરમાં ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા વધુ જરૂર છે પણ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આ રોગના દર્દીઓ મળતાં તંત્ર સતર્ક બની ગયું છે.

૩૧મી ઓકટો.થી હાથ ધરાયેલા આ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૩,૦૯,૪૧૭ વ્યક્તીઓને આવરી લેવામાં આવી છે. મલ્ટી પરપઝ હેલ્થ વર્કર દ્વારા થઈ રહેલા આ સર્વેલન્સમાં કેટલાક ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે. આ સર્વેલન્સ દરમ્યાન ૧૧,૩૫૧

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

મલ્ટીનેશનલ ક્ષેત્રમાં કામ કરતી કંપનીમાં M.I.S. અને S.I.S.નું કામ કરી શકે તેવા ઉત્સાહી અને વિશ્વાસુ ભાઈઓ અને બહેનોની જરૂરીયાત છે.

**માસિક વેતન રૂ. ૧૬,૫૦૦/-**
(પગાર, પેટ્રોલ અને મોબાઈલ ખર્ચ સાથે)
**લાયકાત : ધો.૧૦ થી ગ્રેજ્યુએટ**

રસ ધરાવતા ભાઈ / બહેનોએ નીચેના સરનામે દિન-૭માં વિગતો સાથે અરજી મોકલવાની રહે છે.

**એસ. આર. કે. બિઝનેસ ડેવલોપર્સ પ્રા. લિ.**
પ્લોટ નં. ૧૮૪/૨, સેક્ટર-૨૫, સૂર્યનારાયણ સોસાયટી, ગાંધીનગર

**જાહેરાત**

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર, સેક્ટર-૧૨ દ્વારા તા. ૨૦/૨/૨૦૧૬ના રોજ બારમા પાટોત્સવની ઉજવણી કરવાની છે. જેમાં આશરે ૩૫૦૦ વ્યક્તિઓની ભોજન વ્યવસ્થા અંગે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. રસ ધરાવતી એજન્સીઓએ ટેન્ડર કોપી સમાજની ઓફીસમાંથી તા. ૧૦/૧/૨૦૧૬ પહેલા મેળવી લેવી.

સહી/- મંત્રી, શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર

સહી/- પ્રમુખ, શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર

**LED, LCD & Colour TV રીપેરીંગ**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com